Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ શ્રી ॥

# શત્રુંજય ઉદ્ધાર.

## તથા સ્તવનો.

પંડિત શ્રી ૧૦૦૮ શ્રી વિરવિજયના ઉપાશ્રય તરફથી

છપાવી પ્રસિદ્ધ કરનાર,

શા. મણીલાલ ગોકળદાસ.

ભઠ્ઠીની પોળ—અમદાવાદ.

આવૃત્તિ પહેલી. (પ્રત ૨૦૦૦.)

સંવત ૧૯૮૩. સને ૧૯૨૭.

ભેટ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ શ્રી ॥

# શત્રુંજય ઉદ્ધાર.

## તથા સ્તવનો.

પંડિત શ્રી ૧૦૦૮ શ્રી વિરવિજયના ઉપાશ્રય તરફથી

છપાવી પ્રસિદ્ધ કરનાર,

**શા. મણીલાલ ગોકળદાસ.**

ભઠ્ઠીની પોળ—અમદાવાદ.

આવૃત્તિ પહેલી. (પ્રત ૨૦૦૦.)

સંવત ૧૯૮૩. સને ૧૯૨૭.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ ચોપડી અમદાવાદ ઘીકાંટે મારતર થીએટર સામે શા.
વાડીલાલ કેશવલાલે શ્રી કેસરીયાજી પ્રિંટિંગ પ્રેસમાં છાપી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શા. બાલાભાઇ દલપતભાઈના


સ્મરણાર્થે.

લી૦

પ્રસિદ્ધ કર્તા૦

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### શ્રી નયસુંદરજી કૃત.

# અથ શ્રી શત્રુંજય ઉદ્ધાર.

—:*:—

વિમલગિરિવર વિમલગિરિવર મંડણો જિનરાય,
શ્રીરિસહેસર પાય નમીય;
ધરીય ધ્યાન શારદાદેવીય, શ્રીસિદ્ધાચળ ગાયસ્યું એ.
હિયે ભાવ નીરમળ ધરેવી, શ્રીશત્રુંજય તીરથ વડું એ;
જીહાં સિદ્ધ અનંતી કોડિ, જિહાં મુનિવર મુગતે
ગયા, તે વંદુ બે કર જોડી. ૧

## ઢાળ ૧ લી.

### આદનરાય પુંહતા એ દેશી.

બે કર જોડીને જિન પાય લાગું, સરસ્વતી પાસે વચનરસ માગું;
શ્રી શત્રુંજયગિરિ તીરથ સાર, થુણવા ઉલટ થયોરે અપાર. ૨
તીરથ નહીં કોઇ શત્રુંજા તોલે, અનંત તીર્થંકર એણિપરે બોલે;
ગુરૂ મુખે શાસ્ત્રનો લહીય વિચાર, વરણવું શેત્રુંજા તીરથ ઉદ્ધાર. ૩
સુરવર માંહી વડો જીમ ઇંદ્ર, ગ્રહગણ માંહિ વડો જિમ ચંદ્ર;
મંત્ર માંહિ જિમ શ્રી નવકાર, જળદાયક માંહિ જિમ જળધાર. ૪
ધર્મ માંહિ દયા ધર્મ વખાણ, વ્રત માંહિ જિમ બ્રહ્મવ્રત જાણ;
પર્વત માંહિ વડો મેરૂ હોય, તિમ શત્રુંજય સમ તીરથ ન કોય ૫

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ઢાળ ૨ જી.

## રાગ. ત્રિણ પલ્યોપમનો.

આગે એ આદિજિણેસર, નાભિનંદ નરિંદ મલ્હાર,
શત્રુંજેશિખર સમોસર્યા, પૂરવ નવાણું એ વાર. ૬
કેવળજ્ઞાન દિવાકર, સ્વામી શ્રી રિષભજિણંદ;
સાથે ચોરાશી ગણધરા, સહસ ચોરાશી મુણિંદ. ૭
બહુ પરિવારે પરિવર્યા, શ્રી શત્રુંજય એકવાર;
રિષભજિણંદ સમોસર્યા, મહિમા લહીએ ન પાર. ૮
સુરનર કોડિ મિલ્યા તિહાં, ધર્મદેશના જિન ભાસે;
પુંડરિક ગણધર આગળે, શત્રુંજય મહિમા પ્રકાસે. ૯
સાંભળો પુંડરિક ગણધરા, કાળ અનાદિ અનંત;
એ તીરથ છે સાશ્વતું, આગે અસંખ્ય અરિહંત. ૧૦
ગણધર મુનિવર કેવળી, પામ્યા અનંતી એ કોડી;
મુગતે ગયા એણે તીર્થે, વળિ જાશે કર્મ વિછોડી. ૧૧
ક્રૂર હોય જે જીવડા, તિર્યંચ પંખી કહીજે;
એ તીરથ સેવ્યા થકી, તે સીઝે ભવ ત્રીજે. ૧૨
દીઠા દુરગતિ નિવારે, સારે વંછીત કાજ;
સેવ્યો શ્રી શત્રુંજય ગિરિવર, આપે અવિચળ રાજ. ૧૩

## ઢાળ ૩ જી.

## સહીઅર સમાણી આવો વેગે. એ દેશી.

ઉત્સર્પિણી અવસર્પિણી આરો, બેહુ મિલીને બારજી;
વીસ કોડાકોડી સાગર તેહનું, માન કહ્યું નિરધારજી. ૧૪

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પહેલો આરો સુષમસુષમા, સાગર કોડાકોડિ ચારજી;
ત્યારે એ શત્રુંજય ગિરિવર, એંસી યોજન અવધારજી. ૧૫
ત્રણ કોડાકોડિ સાગર આરો, બીજો સુષમ નામજી;
તે કાળે એ શ્રી સિદ્ધાચળ, સીતેર જોયણ અભિરામજી. ૧૬
ત્રીજો સુષમ દુષમ આરો, સાગર કોડા કોડિ દોયજી;
સાઠ જોયણનું માન શત્રુંજય, તદાકાળે તું જોયજી. ૧૭
ચોથો દુષમ સુષમ જાણો, પાંચમો દુષમ આરોજી;
છઠો દુષમ દુષમ કહીએ, એ ત્રણ થઈય વિચારોજી. ૧૮
એક કોડાકોડિ સાગર કેરૂં, એહનું કહિએ માનજી;
ચોથે આરે શત્રુંજય ગિરિ, પંચાસ જોયણ પરધાનજી. ૧૯
પાંચમો છઠો એકવીસ એકવીસ, સહસ વરસ વખાણોજી;
બાર જોયણ ને સાત હાથનો, તદા વિમળગિરિ જાણોજી. ૨૦
તેહ ભણી સદાકાળ એ તીરથ, સાશ્વતું જિનવર બોલેજી;
ઋષભદેવ કહે પુંડરિક નિસુણો, નહિ કોઇ શત્રુંજય તોલેજી
નાણ અને નિરવાણ મહાજસ, લેસ્યો તમે ઇણ ઠામેજી;
એહ ગિરિ તીરથ મહિમા ઇણ જગે, પ્રગટ હોશે તુમ નામેજી. ૨૨

## ઢાળ ૪ થી.

## જીનવરસ્યું મેરો મન લીણો. એ દેશી.

સાંભળી જિનવર મુખથી સાચું, પુંડરિક ગણધારરે;
પંચ કોડિ મુનિવરશું ઇણ ગિરિ, અણસણ કીધું ઉદારરે ૨૩
નમોરે નમો શ્રી શત્રુંજા ગિરિવર, સકળ તીરથ માંહી સારરે;
દીઠે દુરગતિ દૂર નિવારે, ઉતારે ભવ પારરે. નમો. ૨૪

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેવળ લેઇ ચૈત્રી પૂનમ દિન, પામ્યા મુગતિ સુઠામરે;
તદ્દાકાળથી પૃથ્વી પ્રગટિઉં, પુંડરિકગિરિ નામરે. નમો. ૨૫
નયરી અયોધ્યાએ વિચરતા પહોતા, તાતજી ઋષભ જીણંદરે;
સાઠ સહસ એમ ખટ ખંડ સાધી, ઘેર આવ્યા ભરત નરિંદરે
નમો. ૨૬
ઘેર જઇ માયને પાયે લાગી જનની દ્યો આશીષરે;
વિમળાચળ સંઘાધિપ કેરી, પહોચજ્યો પુત્ર જગીસરે.નમો.૨૭
ભરત વિમાસે સાઠ સહસ સમ, સાધ્યા દેશ અનેકરે;
હવે હું તાત પ્રત્યે જઇ પુછું, સંઘપતિ તિલક વિવેકરે. નમો. ૨૮
સમોસરણે પહોચ્યા ભરતેસર, વંદી પ્રભુના પાયરે,
ઇંદ્રાદિક સુરનર બહુ મિલિયા, દેશના દે જિનરાયરે.નમો. ૨૯
શત્રુંજા સંઘાધિપ યાત્રા ફળ, ભાખે શ્રી ભગવંતરે;
તવ ભરતેસર કરેરે સજાઇ, જાણી લાભ અનંતરે. નમો. ૩૦

## ઢાળ ૫ મી.

### કનકકમળ પગલાં ઠવેએ. એ રાગ.

### રાગ ધનાશ્રી મારૂણી.

નયરી અયોધ્યાથી સંચર્યાએ, લેઇ લેઇ રિદ્ધિ અસેસ;
ભરત નૃપ ભાવસ્યું એ, શત્રુંજય યાત્રા રંગ ભરે એ,
આવે આવે ઉલટ અંગ; ભરત નૃપ ભાવસ્યું એ. ૩૧
આવે આવે ઋષભનો પુત્ર, વિમળગિરિ યાત્રાએ એ.
લાવે લાવે ચક્રવર્તીની રિદ્ધ, ભ૦
મંડળીક મુગટ વરધ્ધન ઘણાએ, બત્રીસ સહસ નરેશ.ભ૦૩

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઢમઢમ વાજે છંદસ્યું એ, લાખ ચોરાશી નિસાણ; ભ૦
લાખ ચોરાશી ગજ તૂરીએ, તેહના રત્ન જડિત પલાણ ભ૦૩૩
લાખ ચોરાશી રથ ભલાએ, વૃષભ ધોરી સુકમાળ; ભ૦
ચરણે ઝાંઝર સોના તણાંએ, કોટે સોવન ઘુઘરમાળ. ભ૦ ૩૪
બત્રીસ સહસ નાટિક સહીએ, ત્રણલાખ મંત્રી દક્ષ; ભ૦
દીવીધરા પંચલાખ કહ્યાએ, સોળ સહસ સેવા કરે યક્ષ. ભ૦૩૫
દશ કોડિ આલંબ ધજાધરાએ, પાયક છન્નું કોડ; ભ૦
ચોસઠ સહસ અંતે ઉરીએ, રૂપે સરખી જોડ. ભ૦ ૩૬
એક લાખ સહસ અઠાવીસએ, વારાંગનાનાં રૂપ નિહાળ;ભ૦
શેષ તુરંગમ સવિ મિલીએ, કોડિ અઢાર નિહાળ. ભ૦ ૩૭
ત્રણ કોડિ સાથે વેપારીયાએ, બત્રીસ કોડી સૂઆર; ભ૦
શેઠ સારથવાહ સામટાએ, રાય રાણાનો નહિ પાર. ભ૦ ૩૮
નવ નિધીને ચૌદ રયણસ્યુંએ, લીધો લીધો સવી પરિવાર. ભ૦
સંઘપતિ તિલક સોહામણુંએ, ભાલે ધરાવ્યું સાર. ભ૦ ૩૯
પગે પગે કરમ નિકંદતાએ, આવ્યા આસન જામ; ભ૦
ગિરિ પેખી લોચન ઠર્યાએ, ધન ધન શેત્રુંજા નામ. ભ૦ ૪૦
સોવન ફુલ મુગતાફળેએ, વધાવ્યો ગિરિરાજ; ભ૦
દેઈ પ્રદક્ષિણા પાખતીએ, સીધ્યાં સઘળાં કાજ. ભ૦ ૪૧

## ઢાળ ૬ ઠ્ઠી.

## જયમાળાની દેશી.

કાજ સીધાં સકલ હવે સાર, ગિરિ દીઠે હરખ અપાર;
એ ગિરિવર દરિસણ જેહ, યાત્રા ફળ કહીએ તેહ. ૪૨

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૂરજકુંડ નદીય શેત્રુંજી, તીરથ જળે નાહ્યા રંજી;
રાયણ તળે ઋષભ જીણંદા, પહેલાં પગલાં પૂજે નરિંદા.૪૩
વળી ઈંદ્રિ વચન મન આણી, શ્રી ઋષભનું તીરથ જાણી;
તવ ચક્રી ભરત નરેશ, વાર્દ્ધિકને દીધો આદેશ. ૪૪
તિણે શેત્રુંજા ઉપર ચંગ, સોવન પ્રાસાદ ઉતંગ;
નીપયો અતી મનોહાર, એક કોસ ઉંચો ચોબાર. ૪૫
ગાઉ દો વિસ્તારે કહીએ, સહસ ધનુષ્ય પહોળપણે લહીએ,
એકેક બારણે જોઇ, મંડપ એકવીસજ હોઇ. ૪૬
એમ ચારે દિસે ચોરાશી, મંડપ રચીયા સુપ્રકાશી;
તિહાં રયણમેં તોરણ માળ, દીસે અતિ ઝાકઝમાળ. ૪૭
વિચે ચિહું દિસે મૂળ ગભારે, થાપી જિનપ્રતિમા ચ્યારે;
મણિમય મૂરતિ સુખકંદ, થાપ્યા શ્રી આદિ જીણંદ. ૪૮
ગણધર વર પુંડરિક કેરી, થાપી બિહુ પાસે મુરતિ ભલેરી;
આદિજીન મૂરતિ કાઉસગીયા, નમિ વિનેમી બેહુ પાસે ઠવીયા.૪૯
મણિ સોવન રૂપ પ્રાકાર, રચ્યું સમોસરણ સુવિચાર;
ચિહુંદીશે ચઉધર્મ કહંતા, થાપી મૂરતિ શ્રી ભગવંતા. ૫૦
ભરતેસર જોડી હાથ, મૂરતિ આગળે જગનાથ;
રાયણ તળે જમણે પાસે, પ્રભુ પગલાં થાપ્યાં ઉલ્લાસે. ૫૧
શ્રી નાભિ અને મરૂદેવી, પ્રાસાદસ્યું મૂરતિ કરેવી;
ગજવર ખંધે લહી મુક્તિ, કીધી આઇની મૂરતિ ભક્તિ.૫૨
સુનંદા સુમંગલા માતા, બ્રાહ્મિ સુંદરી બ્હેની વિખ્યાતા;
વળી ભાઇ નવાણું પ્રસિદ્ધ, સવી મૂરતિ મણિમય કીધ. ૫૩

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નીપાઇ તીરથમાળ, સુપ્રતિષ્ઠા કરાવી વિશાળ;
યક્ષ ગોમુખ ચક્રેસરી દેવી, તીરથ રખવાળ ઠવેવી. ૫૪
એમ પ્રથમ ઉદ્ધારજ કીધો, ભરતે ત્રિભુવન જસ લીધો;
ઇંદ્રાદિક કીરતી બોલે, નહિં કોઇ ભરત નૃપ તોલે. ૫૫
શત્રુંજય મહાત્મ્ય માંહિ, અધિકાર જોજ્યો ઉછાંહી;

## વસ્તુ.

જિન પ્રતિમા જિનવર સરખી, જુઓ સૂત્ર ઉવાઇ નિરખી.૫૬
ભરતે કીધો ભરતે કીધો, પ્રથમ ઉદ્ધાર;
ત્રિભુવન કીરતિ વિસ્તારી, ચંદ સુરજ લગે નામ રાખ્યું;
તિણે સમે સંઘપતિ કેટલા, હુવા સો એમ શાસ્ત્રે ભાખ્યું.
કોડિ નવાણું નર વર હુઆ, નવ્યાસી લાખ;
ભરત સમે સંઘપતિ વળી, સહસ ચોરાશી ભાખ. ૫૭

## ઢાળ ૭ મી.

## ચોપાઇની ચાલ.

ભરત પાટે હુવા આદિતયસા, તસ પાટે તસ સુત મહાજસા;
અતિબળભદ્ર અને બળવીર્ય, કીર્ત્તીવીર્ય અને જળવીર્ય. ૫૮
એ સાતે હુઆ સરિખી જોડી, ભરત થકી ગયા પૂરવ છ કોડી;
દંડવીર્ય આઠમે પાટે હવો, તેણે ઉદ્ધાર કરાવ્યો નવો. ૫૯
ઇંદ્રે સોઇ પ્રસંસ્યો ઘણું, નામ અજવાળ્યું પૂર્વજ તણું;
ભરત તણી પેરે સંઘવી થયો, બીજો ઉદ્ધાર એહનો કહ્યો.૬૦
ભરત પાટે એ આઠે વળી, ભુવન આરીસામાં કેવળી;
એણે આઠે સવિ રાખી રીતિ, એક ન લોપી પૂર્વજ રીતિ.૬૧

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકસો સાગર વીત્યા જિસે, ઈશાનેન્દ્ર વિદેહમાં તિસે;
જિનમુખે સિધ્ધગિરી સુણ્યો વિચાર, તિણે કીધો ત્રીજો ઉધ્ધાર. ૬૨
એક કોડી સાગર વળી ગયાં, દીઠાં ચૈત્ય વિસરથળ થયાં;
માહેંદ્ર ચોથા સુર લોકેંદ્ર, કીધો ચોથો ઉદ્ધાર ગિરેન્દ્ર. ૬૩
સાગર કોડી ગયાં દશ વળી, શ્રી બ્રહ્મેન્દ્ર ઘણું મન રૂળી;
શ્રી શત્રુંજય તીરથ મનોહાર, કીધો તેણે પાંચમો ઉદ્ધાર. ૬૪
એક કોડી લાખ સાગર અંતરે, ચમરેન્દ્રાદિક ભુવન ઉદ્ધરે;
છઠ્ઠો ઈન્દ્ર ભુવનપતિતણો, એ ઉદ્ધાર વિમળગીરિ સુણો. ૬૫
પચાસ કોડી લાખ સાગર તણું, આદિ અજીત વચ્ચે અંતર ભણું;
તેહ વચ્ચે હુવા સુક્ષમ ઉદ્ધાર, તે કહેતાં નવિ લહીએ પાર. ૬૬
હવે અજીત બીજા જીન દેવ, શ્રી શેત્રુંજે સેવામિસિ હેવ
સિદ્ધ ક્ષેત્ર દેખી ગહગહ્યા, અજિતનાથ ચોમાસું રહ્યા. ૬૭
ભાઈ પીતરાઇ અજિત જિનતણો, સગર નામે બીજો ચક્રવર્તી ભણો;
પુત્ર મરણે પામ્યો વૈરાગ, ઇન્દ્રે પ્રીછવ્યો મહાભાગ્ય. ૬૮
ઈન્દ્ર તે વચન હૈડામાં ધરી, પુત્ર મરણ ચિંતા પરિહરી;
ભરત તણી પરે સંઘવી થયો, શ્રી શત્રુંજય યાત્રા ગયો. ૬૯
ભરત મણીમય બિંબ વિલાસ, કર્યા કનકમય પ્રાસાદ ઝબાલ;
તે પેખી મન હરખ્યો ઘણું, નામ સંભાળ્યું પૂર્વજ તણું. ૭૦
જાણી પડતો કાળ વિશેષ, રખે વિનાશ ઉપજે રેષ;
સોવન ગુફા પશ્ચિમ દિશિ જિહાં, રયણ બિંબ ભંડાર્યા તિહાં. ૭૧
કરી પ્રાસાદ સયળ રૂપના, સોવન બિંબ કરી થાપના;
કર્યા અજિત પ્રાસાદ ઉદ્ધાર, એ સગર સાતમો ઉધ્ધાર. ૭૨

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પચાસ કોડિ પંચાણું લાખ, ઉપર સહસ પંચોતેર ભાખ;
એટલા સંઘવી ભૂપતિ થયા, સગર ચક્રવર્તી વારે કહ્યા. ૭૩
ત્રીસ કોડિ દસ લાખ કોડિ સાર, સગર અંતર કર્યો ઉદ્ધાર;
વ્યંતરેન્દ્ર આઠમો સુચંગ. અભિનંદન ઉપદેશ ઉત્તંગ. ૭૪
વારે શ્રી ચંદ્રપ્રભુ તણે, ચંદ્રશેખર સુત આદર ઘણે;
ચંદ્રજસા રાજા મન રંગ, નવમો ઉદ્ધાર કર્યો શેત્રુંજ. ૭૫
શાંતિનાથ સોળમા સ્વામ, રહ્યા ચોમાસું વિમળગિરિ ઠામ;
તસ સુત ચક્રાયુધ રાજિયો, તેણે દશમો ઉદ્ધારજ કીઓ. ૭૬
કીઓ શાંતિ પ્રાસાદ ઉદ્દામ, હવે દશરથ સુત રાજા રામ;
એકાદશમો કર્યો ઉદ્ધાર, મુનિસુવ્રત વારે મનોહાર. ૭૭
નેમિનાથ વારે નિરધાર, પાંડવ પાંચે કર્યો ઉદ્ધાર;
શ્રી શત્રુંજયગિરિ પુગી રળી, એકાદશમો જાણો વળી. ૭૮

## ઢાળ ૮ મી.

## રાગ વઇરાડી.

પાંડવ પાંચ પ્રગટ હુવા, ખોઇ અક્ષોણી અઢારરે;
પોતાની પૃથ્વી કરી, કીધો માયને જુહારરે. ૭૯
કુંતામાતા એમ ભણે, વત્સ સાંભળો આપરે;
ગોત્ર નિકંદન તુમે કર્યો, તે કિમ છુટશો પાપરે. ૮૦
પુત્ર કહે સુણ માવડી, કહો અમ શો ઉપાયરે;
તે પાતિક કિમ છુટીયે, વળતું પભણે માયરે. કું. ૮૧
શ્રી શત્રુંજય તીરથ જાઇ, સૂરજકુંડે સ્નાનરે;
ઋષભજિણંદ પૂજા કરી, ધરો ભગવંતનું ધ્યાનરે ૮૨

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માત શિખામણ મન ધરી, પાંડવ પાંચે તામરે;
કુત્યા પાતિક છૂટવા, પહોંચ્યા વિમળગિરિ ઠામરે. ૮૩
જિનવર ભકિત પૂજા કરો, કીધો બારમો ઉદ્ધારરે;
ભુવન નિપાયો કાઠમય, લેપમય પ્રતિમા સારરે. ૮૪
પાંડવ વીર વચ્ચે આંતરૂ, વરસ ચોરાશી સહસરે;
ચારસેં સીતેર વરસે હુવો, વીરથી વિક્રમ નરેશરે. ૮૫

## ઢાળ ૯ મી.

ધન્યધન્ય શત્રુંજય ગિરિવર, જિહાં હુવા સિદ્ધ અનંતરે;
વળી હાંશે ઇણે તીરથે, ઇમ ભાખે ભગવંતરે. ધન્ય૦ ૮૬
વિક્રમથી એકસો આઠે, વરસે જાવડશાહરે;
તેરમો ઉદ્ધાર શેત્રુંજે કર્યો, થાપ્યા આદિજિન નાહરે. ધ૦ ૮૭
પ્રતિમા ભરાવી રંગસ્યું, નવા શ્રી આદિજિણંદરે;
શ્રી શેત્રુંજયશિખરે થાપીયા, પ્રાસાદે નયણાણંદરે. ધ૦ ૮૮
પાંડવ જાવડ આંતરો, પચવિસ કોડિ મયાલરે;
લાખ પંચાણું ઉપરે, પંચોતેર સહસ ભૂપાળરે. ધ૦ ૮૯
એટલા સંઘવી તીહાં હુવા, ચોદસમો ઉદ્ધાર વિશાળરે;
બારતેરોતરિસોય કરે, મંત્રી બાહડદે શ્રીમાળરે. ધ૦ ૯૦
બારસેં છયાસીએ મંત્રી વસ્તુપાળે, જાત્રા શેત્રુંજાગિરિ સારરે;
તિલકા તોરણસ્યું કર્યો, શ્રી ગિરનારે અવતારરે. ધ૦ ૯૧
સંવત તેર ઇકોતરે, શ્રી ઓસવંશ શૃંગારરે;
શાહ સમરો દ્રવ્ય વ્યય કરે, પંચદસમો ઉધ્ધારરે. ધ૦ ૯૨
શ્રી રત્નાકર સૂરીસરૂ, વડતપગચ્છ શૃંગારરે;
સ્વામી ઋષભજ થાપીયા, સમરો શાહ ઉદ્ધારરે. ધ૦ ૯૩

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ઢાળ ૧૦ મી.

### રાગ ઉલાળાનો.

જાવડ સમરા ઉદ્ધાર, એહ વિચે ત્રિણ લખ સાર;
ઉપર સહસ ચોરાશી, એટલા સમકિતવાશી. ૯૪
શ્રાવક સંઘપતિ હુઆ, સતરસહસ ભાવસારજુઆ;
ખત્રી સોળ સહસ જાણું, પનર સહસ વિપ્ર વખાણું. ૯૫
કુલંબી બાર સહસ કહીયે, લેઉઆ નવ સહસ લહીયે,
પંચ સહસ પિસતાળીશ, એટલા કંસારા કહીશ. ૯૬
એ સવિ જિનમત ભાવ્યા, શ્રી શત્રુંજય જાત્રાએ આવ્યા;
અવરની સંખ્યા તે જાણું, પુસ્તક દીઠે વખાણું. ૯૭
સાતસેં મેહર સંઘવી, યાત્રા તલહટી તસ હવી;
બહુશ્રુત વચને રાચું, એ સવી માનજ્યો સાચું. ૯૮
ભરત સમરા શાહ અંતરે, સંઘવી અસંખ્યાતા ઇણિપરે;
કેવળી વિણ કુણ જાણે, કિમ છદ્મસ્થ વખાણે. ૯૯
નવ લાખબંધી બંધ કાપ્યા, નવલાખ હેમટકા આપ્યા;
તોહેશિલહિરિએ અન ચાખ્યું, સમરાશાહે નામ રાખ્યું. ૧૦૦
પંદર સત્યાસીએ પ્રધાન, બાહદરશા દિએ બહુમાન;
કરમાશાહે જસ લીધો, ઉદ્ધાર સોળમો કીધો. ૧૦૧
એણી ચોવીસીએ વિમળગિરી, વિમળવાહન નૃપ આદરી;
દુપસહ ગુરૂ ઉપદેશે, ઉદ્ધાર છેલ્લો કરશે. ૧૦૨
એમ વળી જે ગુણવંત, તીરથ ઉદ્ધાર મહંત;
લક્ષ્મી લહી વ્યય કરશે, તસ ભવકાજ તે સરશે. ૧૦૩

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ઢાળ ૧૧ મી.

### રાગ માઇ ધન સુપન તું એ.

ધન ધન શત્રુંજયગિરિ, સિદ્ધક્ષેત્ર એ ઠામ;
કર્મ ક્ષય કરવા, ઘર બેઠા જપો નામ. ૧૦૪
ચોવીસી એણીએ, નેમ વિના જિન ત્રેવીસ;
તીરથ ભુંઇ જાણી, સમોસર્યા જગદીશ. ૧૦૫
પુંડરિક પંચ કોડિસ્યું, દ્રાવિડ વાલિખિલ્લ જોડી,
કાર્તિક પુનમ સીદ્ધા, મુનિવરસ્યું દસ કોડી. ૧૦૬
નમિ વિનમી વિદ્યાધર, દોય કોડિ મુનિ સંજુત્ત;
ફાગણ શુદી દશમી, એણિ ગિરિ મોક્ષ પહુત્ત. ૧૦૭
શ્રી ઋષભ વંસી નૃપ, ભરત અસંખ્યાતા પાટ;
મુગતે ગયા ઇણગિરિ, એ ગિરિ શિવપુર વાટ. ૧૦૮
રામ મુનિ ભરતાદિક, મુનિ ત્રિણ કોડીસ્યું ઇમ;
નારદસ્યું એકાણું, લાખ મુનિવર તેમ. ૧૦૯
મુનિ શાંબ પ્રદ્યુમ્નસ્યું, સાંઢી આઠ કોડિ સિદ્ધ;
વીસ કોડીસ્યું પાંડવા, મુગતે ગયા નિરાબાદ. ૧૧૦
વળી થાવચા સુત, શુક મુનિવર ઇણે ઠામ;
સહસ સહસસ્યું, સિધ્યા પંચશતસેલગ નામ. ૧૧૧
ઇમ સિદ્ધા મુનિવર, કોડાકોડી અપાર;
વળી સિઝસ્યે ઇણે ગિરિ, કુણ કહી જાણે પાર. ૧૧૨
સાત છઠ દોય અઠમ, ગણે એક લાખ નવકાર;
શત્રુંજયગિરિ સેવે, તેહને નહિ અવતાર. ૧૧૩

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ઢાળ ૧૨ મી.

### રાગ વધાવાનો.

માનવભવ મેં ભલે લહ્યો, લહ્યો તે આરિજ દેશ;
શ્રાવક કુળ લાધ્યું ભલું, જો પામ્યોરે વાલ્હો ઋષભ-
જિણેશ કે. ૧૧૪
ભેટયોરે ગિરિરાજ, હવે સિધારે માહરાં વંચ્છિત કાજ કે;
મુને ત્રુઠયોરે ત્રિભુવનપતિ આજ કે, એ આંકણી. ભે. ૧૧૫
ધન ધન વંશકુલગરનણો, ધન ધન નાભિ નરિંદ;
ધન ધન મરૂદેવી માવડી, જેણે જાયોરે વહાલો ઋષભ-
જિણંદ કે. ભે. ૧૧૬
ધન ધન શત્રુંજય તીરથ, રાયણ રૂખ ધન ધન;
ધન ધન પગલાં પ્રભુ તણાં, જે પેખિરે મોહિયું મુજ
મન્ન કે. ભે. ૧૧૭
ધન ધન તે જગે જીવડા, જે રહે શેત્રુંજા પાસ;
હરનિસિ ઋષભ સેવા કરે, વળી પુજેરે પ્રભુ અતિ ઉલ્લાસ
કે. ભે. ૧૧૮
આજ સખી મુજ આંગણે, સુરતરૂ ફળીયો સાર,
ઋષભ જિણેસર વંદિયા, હવે તરિઓરે ભવજળધિ પાર
કે. ભે. ૧૧૯
સોળ અડવીસે આસો માસમાં, શુદિ તેરશ કુજવાર;
અહમદાવાદ નયરમાં, મેં ગાયોરે શેત્રુંજા ઉદ્ધાર કે.ભે.૧૨૦
વડતપગચ્છ ગુરૂ ગચ્છપતી, શ્રી ધનરત્ન સુરિંદ;

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તસુ શીષ્ય તસુ પાટે જય કરૂં, ગુરૂ ગચ્છપતીરે અમરરત્ન
સુરિંદ કે. ભે. ૧૨૧

વિજયમાન તસ પટોધરૂં, શ્રી દેવરત્ન સુરિશ;
શ્રી ધનરત્ન સુરિશના, શીષ્ય પંડિતરે ભાનુ મેરૂ ગણેશ કે.
ભે. ૧૨૨

તસ પદ કમળ ભ્રમરતણે, નયસુંદર દે આશીશ;
ત્રિભુવન નાયક સેવતાં, પૂગીરે શ્રીસંઘ જગીશ કે. ભે.૧૨૩

## કળશ.

ઇમ ત્રિજયનાયક મુગતિદાયક, વિમળગિરિ મંડણ ધણી;
ઉધ્ધાર શત્રુંજય સાર ગાયો, સ્તવ્યો જિન ભગતિ ઘણી,
ભાનુ મેરૂ પંડિત શિષ્ય દાએ, કર જોડી કહે નર સુંદરો;
પ્રભુ પાય સેવા નિત્ય કરેવા, દેઇ દરશન જય કરો ૧૨૪

## શ્રી શત્રુંજયનાં ૨૧ નામ સંબંધી ખમાસમણ આપવાના દુહા.

સિધ્ધાચળ સમરો સદા, સોરઠદેશ મોઝાર,
મનુષ્ય જન્મ પામી કરી, વંદો વાર હજાર. ૧
અંગ વસન મન ભૂમિકા, પૂજો પગરણ સાર;
ન્યાય દ્રવ્ય વિધિ શુધ્ધતા, શુદ્ધિ સાત પ્રકાર. ૨
કાર્તિક શુદી પુનમ દિને, દશ કોડી પરીવાર;
દ્રાવિડ વાલખીલ્લજી, સિદ્ધ થયા નિરધાર. ૩

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તીણે કારણ કાર્તિકી દીને, સંઘ સકળ પરીવાર;
આદિદેવ સન્મુખ રહી, ખમાસમણ બહુ વાર. ૪
એકવિસ નામે વર્ણવ્યો, તિહાં પહેલું અભિધાન,
શત્રુંજય શુકરાજથી, જનક વચન બહુમાન. સ. ખ.૧ ૫
સમોસર્યા સિદ્ધાચળે, પુંડરિક ગણધાર;
લાખ સવા મહાતમ કર્યું, સુરનર સભા મોઝાર. ૬
ચૈત્રી પુનમને દીને, કરી અણસણ એક માસ;
પાંચ કોડી મુની સાથશું, મુક્તિનિલયમાં વાસ. ૭
તિણ કારણ પુંડરીકગિરિ, નામ થયું વિખ્યાત;
મન વચ કાયે વંદીએ, ઉઠી નિત્ય પ્રભાત. સ. ખ. ૨ ૮
વીશ કોડીશું પાંડવા, મોક્ષ ગયા ઈણે ઠામ;
એમ અનંત મુક્તે ગયા, સિદ્ધક્ષેત્ર તિણ નામ. સ. ખ. ૩ ૯
અડસઠ તીરથે નહાવતાં, અંગરંગ ઘડી એક;
તુંબી જળ સ્નાને કરી, જાગ્યો ચિત્ત વિવેક. ૧૦
ચંદ્રશેખર રાજા પ્રમુખ, કરમ કઠણ મલ ધામ,
અચળપદે વિમળા થયા, તિણે વિમળાચળ નામ. સ.ખ.૪ ૧૧
પર્વતમાં સુંદરગિરિ વડો, જિન અભિષેક કરાય,
સિદ્ધહુવા સ્નાતક પદે, સુરગિરિ નામ ધરાય. ૧૨
અથવા ચૌદે ક્ષેત્રમાં, એ સમ તિરથ ન એક;
તિણ સુરગિરી નામે નમું, જીહાં સુરવાસ અનેક. સ.ખ.૫ ૧૩
એંસી યોજન પ્રથુલ છે, ઉંચપણે છવીસ;
મહિમા મહોટો ગિરી. મહાગિરી નામ નમી સ.સ.ખ. ૬ ૧૪
ગણધર ગુણવંતા મુની, વિશ્વ માંહે વંદનીક;

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેહવો તેહવો સંયમી, એ તિરથે પુજનીક. ૧૫
વિપ્રલોક વિષધર સમા, દુખીઆ ભુતળ માન;
દ્રવ્યલિંગી કણ ક્ષેત્ર સમ, મુનિવર છીપ સમાન. ૧૬
શ્રાવક મેઘ સમા કહ્યા, કરતા પુન્યનું કામ,
પુન્યરાશી વધે ઘણી, તેણે પુન્યરાશી નામ. સ. ખ. ૭ ૧૭
સંયમધર મુનિવર ઘણા, તપ તપતા એક ધ્યાન;
કર્મ વિયોગે પામીયા, કેવળ લક્ષ્મી નિધાન. ૧૮
લક્ષ એકાણું શિવવર્યા, નારદશું અણગાર;
તામ નમો તેણે આઠશું, શ્રીપદગિરિ નિરધાર. સ. ખ. ૮ ૧૯
શ્રી સીમંધર સ્વામીયે, એ ગિરિ મહિમા વિલાસ;
ઇન્દ્રની આગે વર્ણવ્યો, તેણે ઇન્દ્ર પ્રકાશ. સ. ખ. ૯ ૨૦
દશ કોટી અણુવ્રતધરા, ભકતે જમાડે સાર;
જૈન તિર્થ યાત્રા કરે, લાભ તણો નહી પાર. ૨૧
તેહ થકી સિધ્ધાચળે, એક મુનીને દાન,
દેતાં લાભ ઘણો હુવે, મહા તીરથ અભિધાન. સ.ખ. ૧૦ ૨૨
પ્રાયે એ ગિરિ શાશ્વતો, રહેશે કાળ અનંત;
શત્રુંજય મહાતમ સુણી નમો શાશ્વતગિરિ સંત. સ.ખ ૧૧ ૨૩
ગો નારી બાળક મુની, ચોહત્યા કરનાર;
જાત્રા કરતા કાર્તિકી, ન રહે પાપ લગાર. ૨૪
જે પરદારા લંપટી, ચોરીના કરનાર;
દેવ દ્રવ્ય ગુરૂ દ્રવ્યના, જે વળી ચોરણહાર. ૨૫
ચૈત્રી કાર્તિકી પુનમે, કરે યાત્રા એણે ઠામ;
તપતપતાં પાતીક ગળે, તાણ દ્રઢશકિત નામ. સ.ખ. ૧૨ ૨૬

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભવ ભય પામી નીકળ્યા, થાવચ્ચા સુત જેહ;
સહસ મુનીશું શિવવર્યા, મુક્તિનિલયગિરિ તેહ. સ.ખ.૧૩ ૨૭
ચંદા સુરજ બેઉ જણા, ઉભા ઇણે ગિરિ શૃંગ;
કરી વર્ણવને વધાવિયો, પુષ્પદંતગિરિ રંગ. સ, ખ. ૧૪ ૨૮
કર્મ કઠણ ભવજળ તરી ઇંહા પામ્યા શિવ સદ્મ;
પ્રાણી પદ્મ નિરંજની વંદે ગિરિ મહા પદ્મ. સ. ખ. ૧૫ ૨૯
શિવવહુ વિવાહ ઓચ્છવે, મંડપ રચીયો સાર;
મુનીવર વર બેઠક ઘણી, પૃથ્વીપીઠ મનોહાર. સ. ખ. ૧૬ ૩૦
શ્રી સુભદ્રગિરિ નમો, ભદ્ર તે મંગળ રૂપ;
જલ તરૂ રજ ગિરિવર તણી, શીશ ચડાવે ભૂપ. સ.ખ.૧૭ ૩૧
વિદ્યાધર સુર અપ્છરા, નદી શેત્રુંજી વિલાસ;
કરતાં હરતાં પાપને, ભજીએ ભવી કૈલાસ. સ. ખ. ૧૮ ૩૨
બીજા નીરવાણી પ્રભુ, ગઇ ચોવીશી મોઝાર;
તસ ગણધર મુનિમાં વડા, નામે કદંબ અણગાર. ૩૩
પ્રભુ વચને અણસણ કરી, મુક્તિ પુરીમાં વાસ;
નામે કદંબ ગિરિ નમો, તો હોય લીલવિલાસ. સ.ખ.૧૯ ૩૪
પાતાળે જસ મુળ છે, ઉજવળગિરિનું સાર;
ત્રીકરણ યોગે વંદતાં, અલ્પ હોય સંસાર. સ. ખ. ૨૦ ૪૫
તન મન ધન સુત વલ્લભા, સ્વર્ગાદિ સુખભોગ;
જે વંછે તે સંપજે, શિવરમણી સંયોગ. ૩૬
વિમળાચળ પરમેષ્ઠિનું, ધ્યાન ધરે ખટ માસ;
તેજ અપુરવ વિસ્તરે, પૂરે સઘળી આશ. ૩૭
ત્રીજે ભવ સિદ્ધી લહે, એ પણ પ્રાચીક વાચ;

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્કૃષ્ટા પરિણામથી, અંતર મહુરત સાચ. ૩૮
સર્વ કામ દાયક નમો, નામ કરી ઓળખાણ;
શ્રી શુભ વીરવીજય પ્રભુ,નમતાં કોડ કલ્યાણ.સ.ખ.૨૧ ૩૯

## શ્રી સિદ્ધાચળજીનું સ્તવન

વીરજી આવ્યારે, વિમળાચળકે મેદાન, સુરપતિ પાયારે, સમોવસરણ કેમંડાન. ટેક.દેસના દેવે વીરજીસ્વામ, શેત્રુંજા મહિમા વર્ણવે તામ, ભાખ્યાં આઠ ઉપરસો નામ, તેહમાં ભાખ્યું પુંડરગિરિ અભિધાન,સોહમ ઇંદારે તવ પુછે બહુમાન, કેમ થયું સ્વામી ભાખો તાસ નિદાન. વીરજી૦ ॥૧॥ પ્રભુજી ભાખે સાંભળ ઇંદ્રિ, પ્રથમ જે હુઆ રીખભ જીણંદ, તેહના પુત્ર તે ભરત નરિંદ, ભરતના હુઆરે રીખભસેન પુંડરીક, રીખભજી પાસેરે દેસના સુણી તહકીક દીક્ષા લીધીરે શ્રીપદી જ્ઞાન અધિક. વીરજી૦ ॥૨॥ ગણધર પદવી પામ્યા જામ દ્વાદશાંગી ગુંથી અભીરામ, વીચરે મહીયલમાં ગુણધામ, અનુક્રમે આવ્યારે શ્રી સિદ્ધાચળ ઠામ મુની વરકોડીરે પંચતણે પરીમાણ, અણસણ કીધાંરે નીજ આતમને ઉદ્દામ. વીરજી૦ ॥૩॥ ચૈત્રી પુનમ ;દિવસે એહ પામ્યા કેવળજ્ઞાન અછેહ, શિવ સુખ વરિયા અમાર અદેહ; પુરણાનંદીરે અગુરૂ લઘુ અવગાહ, અજ અવીનાશીરે નીજપદ ભોગી અબાહ, નીજ ગુણ ધરતાંરે પર પુદગલ નહિચાહ. વીરજી૦ ॥૪॥ તેણે પ્રગટ્યું પુંડરીકગિરિ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નામ, સાંભળો સોહમ દેવલોક સ્વામ એહનો મહીમા અતિહિ ઉદ્દામ, તેણે દીન કીજેરે તપજપ પૂજાને દાન, વ્રત વળી પોસહ જેહ કરે અતિ દાન, ફળ તસ પામેરે પંચકોડી ગણું માન. વીરજી૦ ॥૫॥ ભગતે ભવ્ય જીવ જે હોય, પંચમે ભવ મુકિત લહે સોય, તેહમાં બાધક છે નહીં કોય વ્યવહાર કેરિરે મધ્યમ ફળની એ વાત, ઉત્કૃષ્ટ યોગેરે અંતર મુહૂર્ત વિખ્યાત, શિવસુખ સાધેરે નીજ આતમ અવદાત વીરજી૦ ॥૬॥ ચૈત્રી પુનમ મહીમા દેખ, પુજા પંચ પ્રકારી વિશેષ તેહમાં નહીં ઉણીમ કાંઇ રેખ, એણી પેરે ભાખીરે જીનવર ઉત્તમ વાણ,સાંભળી બુઝયારે કંઇક ભવીક સુજાણ, એણી પેરે ગાયોરે પદ્મવિજય સુપ્રમાણ. વીરજી૦ ॥૭॥

## સિધ્ધાચલજીનું સ્તવન.

ચંદ્ર વખત સો આવીયો. એ રાગ.

વાહ વાહ વિમળાચળ આવીયો,
સોના રૂપાનાં ફુલડે વધાવીયો;
એ તિર્થમાં રાજ, ભવ તરવાને ઝાજ;
ભગવંતે ભાખી બતાવીયો. વાહ. ૧
સુણી શત્રુંજય સાસ પુજી પામીઆ પાર,
ભવીને મન બહુ ભાવીયો. વાહ. ૨
મોટા એકવીસ નામ, જાણો ઉતમ ઠામ;
જપતાં કર્મને ફસાવીઓ. વાહ. ૩

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તિર્થ મહિમા અપાર, કહેતાં ન આવે પાર;
ભરતે ઉદ્ધાર કરાવીયો. વા.હુ. ૪
દાન દયા ઉલ્લાસ, આવી ચૈત્ર માસ;
હરખે ગિરિ ગુણ ગાઇયો.
વાહુ વાહુ વિમળાચળ આવીયો. ૫

## શ્રી પાર્શ્વનાથજીનું સ્તવન.

પ્રથમ જિનેશ્વર પ્રણમીએ. એ રાગ.

પરમાતમ પરમેશ્વરૂ, જગદીશ્વર જિનરાજ,
જગબંધવ જગ ભાણુ, બલીહારી તુમતણી;
ભવજળધીમાંરે ઝાંજ. ૧
તારક વારક મોહનો, ધારક નિજ ગુણ રિદ્ધ;
અતિશયવંત ભંદત રૂપાળી શિવવધુ,
પરણી લ્યો નિજ સિદ્ધ. ૨
જ્ઞાન દરીશન અનંત છે, કેવળી તુજ દરીશણ અનંત,
તુમ દાનાદિ અનંત, ક્ષાયક ભાવે થયા;
ગુણ તે અનંતા અનંત. ૩
બતરીસ વરણ સમાય છે, એક શ્લોક મોઝર,
એક વર્ણ પ્રભુ તુજ ન માય જગતમાં;
કેમ કરી થુણીએ ઉદાર. ૪
તુજ ગુણ કોણ ગણી શકે, જો પણ કેવળી હોય,
આવીરે ભાવથી તુજ સયળ ગુણમાંહેરે,
પરછન ભાવથી જોયરે. ૫

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી પંચાસરા પાર્શ્વજી, અરજકરૂં એક તુજ,
આ વીરભાવથી તુજ દયાળ કૃપાનિધી,
કરૂણા કીજેજી મુજ ૬

શ્રી જીન ઉત્તમતા હરી, આશા અધિક મહારાજ,
પદ્મવિજય કહે એમ લહો શિવનગરનું,
અક્ષય અવિચળ રાજ. ૭

## શ્રી સિદ્ધાચળના સંઘનું શ્રી ચક્રેશ્વરી માતાનું સ્તવન.

અનિહાંરે વાલો વસે છે વિમળાચળે. એ રાગ.

અનિહાંરે ચોમુખ ચૈત્ય જુહારીયેરે, મુલ મંદિર ઉપર સાર, જોયા વિના જાવા નહીં દઉંરે, અનિહાંરે કુમારપાલ નરેસરે, જો કીધો જીનનો વીહાર. જોયા. ॥૧॥ અનિહાંરે તારાચંદ જે સંઘવીરે, તસ સુંદર ચૈત્ય વિલાસ, જોયા.॥૨॥ અનિહાંરે ચાલો ચક્રેશ્વરી વંદિયેરે, જે તિરથની રખવાળ જોયા. ॥૩॥ અનિહાંરે માથે વીણા છે વાંકડીરે, સીથેસોનાનું બોર. જોયા. ॥૪॥ અનિહાંરે કંચુઆ પેહર્યો છે કારમોરે એ કંચુવે કસબી કોર. જોયા. ॥૫॥ અનિહાંરે હાથે ચુડો છે હેમનોરે, ભાળે તિલક નિરમળ તંગ, અનિહાંરે હઈડે હાર સોહામણોરે, એની ચુંદડીએ ચલકે રંગ. જોયા. ॥૬॥ અનિહાંરે રંગસુરંગી પ્રાણીઆરે, તેહના વીઘ્ન કરે સવી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુર. જોયા. ાાળા અનિહાંરે આપણ કરશું સાચી સેવનારે મારૂદેવા નંદ હ ૂર. જોયા. ાા૮ાા અનિહાંરે વસ્તુપાળ તેજપાળનારે,વળી બીજા ચૈત્ય અનેક. જોયા. ાાલ્ાા અનિહાંરે સૂરજકુંડ સોહામણોરે, જસ મહીમા છે અતિરેક જોયા. ાા૧૦ાા અનિહાંરે પેમાવસી છીંપાવસીમાંરે, મંદિર સુંદર સેણ. જોયા. ાા૧૧ાા અનિહાંરે પાંડવ પાંચએ પ્રણમીએ કુંન્તા દ્રૌપદી સહી તેણ. જોયા. ાા૧૨ાા અનિહાંરે સદા સોમજી ચોમુખેરે, મોટા જે જીનવર ચાર. જોયા. ાા૧૩ાા અનિહાંરે મારૂ દેવા હસ્તીસારે ચડયારે,જે પામ્યાં છે ભવ પાર. જોયા. ાા૧૪ાા અનિહાંરે આ સંસાર સમુદ્રમાંરે એ તિરથ તારણઝાજ. જોયા. ાા૧૫ાા અનિહાંરે શ્રી શુભવીરને શાસનેરે સિધ્યા કંઈક મુનીરાજ. જોયા. ાા૧૬ાા ઇતિ.

## શ્રી સિદ્ધચળજીનું સ્તવન.

પ્રભુજી જાવુ પાલિતાણા સેહરકે, મન હરખે ઘણુંરે લોલ
પ્રભુજી સંઘ ઘણેરા આવે કે, એ ગિરિ ભેટવારે લોલ.

પ્રભુજી આવું પાલિતાણા સેહરકે તલાટી શોભતીરે લોલ;
પ્રભુજી ડુંગરીએ ચઢંતા કે, મન હરખે ઘણુંરે લોલ.

પ્રભુજી આવ્યો હીંગલાજનો હડાકે, કેડે હાથદેઇ ચડારે લોલ;
પ્રભુજી આવી રામજ પોલ કે, સામી મોતી વસીરે લોલ.

મોતીવસી દિઠે ઝાક ઝમાલ હૈ, જોયાની જુગતી ભલીરેલોલ;
પ્રભુજી આવી વાઘણ પોળકે, ડાભા ચક્રેશ્વરીરે લોલ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચકેશ્વરિ જીનસાસન રખવાળકે, સંઘની સહાય કરેરે લોલ;
પ્રભુજી આવી હાથણ પોલકે, સામા જગધણીરે લોલ.
પ્રભુજી આવ્યા મુલ ગભારે કે, આદેશ્વર ભેટીઆરે લોલ;
આદેશ્વર ભેટે ભવ દુઃખ જાય કે, શીવસુખ પામીએરે લોલ;
પ્રભુજીનું મુખડું પુનમ કેરો ચંદકે, મોહ્યો સુરપતીરે લોલ
પ્રભુજી તુમ થકી નહીં રહુ દુરકે; ગિરિ પંથે વસ્યારે લોલ;
એવી વિરવિજયની વાણકે, શીવસુખ આપજોરે લોલ.

## વીશ સ્થાનકની પુજાની છેલ્લી ઢાળ.

॥ઢાલ.॥ ગિરૂઆ રે ગુણ તુમ તણા ॥એ દેશી.॥
શ્રી તીરથપદ પૂજો ગુણિજન, જેહથી તરિયેં તે તીરથરે ॥ અરિહંત ગણધર નિયમા તીરથ, ચઉવિહ સંઘ મહાતીરથ રે ॥ શ્રી ॥ ૧ ॥ એ આંકણી. ॥ લૌકિક અડસઠ તીર્થને તજિયે, લોકોત્તરને ભજિયેંરે ॥ લોકોત્તર દ્રવ્યભાવ બે ભેદે, થાવર જંગમ જજિયેંરે ॥ શ્રી૦ ॥ ૨ ॥ પુંડરીકાદિક પાંચે તીરથ, ચૈત્યના પાંચ પ્રકારરે ॥ થાવર તીરથ એહ ભણીજે, તિર્થ યાત્રા મનોહાર રે ॥ શ્રી૦ ॥ ૩ ॥ વિરહમાન વીશ જંગમતીરથ, બે કોડી કેવલી સાથરે ॥ વિચરંતાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુઃખ દોહગ ટાલે, જંગમતીરથ નાથરે. શ્રી ॥ ૦ ॥ ૪ ॥ સંઘ ચતુર્વિધ જંગમતીરથ, શાસનને શોભાવેરે ॥ અડતાલીશ ગુણે ગુણવંતા, તીર્થપતિ નમે ભાવે રે ॥ શ્રી ॥૫॥ તીરથ પદ ધ્યાવો ગુણ ગાવો, પંચરંગી રયણને લાવોરે ॥ થાલ ભરી ભરી તીર્થ વધાવો, ગુણ અનંત દિલ લાવોરે ॥ શ્રી૦ ॥ ૬॥ મેરૂપ્રભ પરમેશ્વર હુવો, એહ તીરથને પ્રભાવે રે ॥ વિજયસૌભાગ્યલક્ષ્મી સૂરિ સંપદ, પરમ મહોદય પાવે રે ॥ શ્રી૦ ॥ ૭ ॥

**સમાપ્ત**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


જૈન ભાઇઓને ખાસ ઘરમાં રાખવા લાયક
નીચેના બન્ને પુસ્તકો તૈયાર છે
રસિક

# સ્તવનાવળી

ભાગ ૧-૨-૩.

જેમાં પૂજા કરવાની વિધિ, ચૈતવંદન કરવાની વિધિ, ચૈતવંદનો, સ્તવનો, થોયો, સજ્ઝાયો, ગીતો લાવણીઓ ઓચ્છવો, પૂજાઓ, આરતીઓ, ચોવીસ તીર્થંકર ભગવાનના બાવન બોલ, રસિક ગાયનો, તથા રંગીન બે ફોટાઓ વિગેરે.

ઉંચા ગ્લેઝ કાગળમાં ૨૦૦ પાના રોયલ સોલ પેજી પાકું બાઇન્ડીંગ કીંમત ૦-૬-૦ આનાની પોસ્ટની ટીકીટ બીડી આજેજ મંગાવી લ્યો.

# ચૈતવંદન સનાત્ર પુજા.

આ બુક ૦-૧-૦આનાની ટીકીટ બીડી મંગાવો.

મળવાનું ઠેકાણું.

આર. વાડીલાલની કંપની.

ધીકાંટારોડ-અમદાવાદ.


For Private and Personal Use Only